# ૪ ચણા-વટાણા... જલેબી !

ગ
ણ
ગ
ણ

ગીત :

## હું તો નિશાળે જાતો'તો




હું તો નિશાળે જાતો'તો,
રોજ નાસ્તો ખાતો'તો.
સોમવારે તો સેવ બનાવે,
મમરા મંગળવારે લાવે.
પીવડાવે દૂધ બુધવારે,
ગોળપાપડી ગુરુવારે.
ચણા-વટાણા લાવતા,
શુક્રવારે ભાવતા.
વહેલો વહેલો ઊઠી સવારે,
તૈયાર થાતો'તો શનિવારે.
રવિવારની રજા પડે,
રમવાની બહુ મજા પડે.

- જયંત શુક્લ



ગ
પ
સ
પ

વાર્તા :

# લીલુ અને પીલુ




બે બચ્ચાં,

એકનું નામ લીલુ, બીજાનું નામ પીલુ.


લીલુ લીલી વસ્તુ ખાતું હતું. પીલુ પીળી વસ્તુ ખાતું હતું. એક દિવસ લીલુએ એક છોડ પર કંઈક લીલુ લીલુ જોયું. લીલુએ તેને ખાઈ લીધું. અરે! આ તો મરચું હતું.

લીલુની જીભ પર બળતરા થવા લાગી. તે રડવા લાગ્યું. તેની મમ્મી દોડતી દોડતી આવી. પીલુ પણ ભાગ્યું. તે પીળા રંગનો ગોળનો ટુકડો લઈ આવ્યું.

લીલુએ ઝડપથી ગોળ ખાધો. તેનાથી મોંમાં બળતરા બંધ થઈ ગઈ. મમ્મીએ લીલુ અને પીલુને પોતાની ગોદમાં લઈ લીધાં.



## વાતચીત :




- સોમવારે પીલુ શું ખાતું હશે?
  બુધવારે લીલુ શું ખાતું હશે?
  શનિવારે કોણ શું ખાતું હશે?
- લીલુ શું ખાતું હશે?
- પીલુએ શું નહિ ખાધું હોય?
- તમે લીલુને શુક્રવારે શું ખાવાનું આપશો?

ક
લ
બ
લ



## પ્રવૃત્તિ :

- તમને જલેબી ભાવે છે?
- આ થાળીમાં શું શું છે?
- તમને એમાંથી શું વધારે ભાવે છે?
- તમને શું ખાવાનું ઓછું ભાવે છે?
- થાળીમાં છે એના સિવાય તમને શું ભાવે?

દ
ડ
બ
ડ

## રમત :

શિક્ષક ખાવાની વસ્તુનું નામ બોલશે ત્યારે વિદ્યાર્થીઓ ''ખાઉં... ખાઉં...'' બોલશે. ખાવાની વસ્તુ ન હોય એ વખતે વિદ્યાર્થીઓ ''ન ખાઉં'' બોલશે.




ક
લ
બ
લ

## પ્રવૃત્તિ :

- વિદ્યાર્થીઓને તેમનું લંચબૉક્સ ખોલવા કહો. વારાફરતી દરેક વિદ્યાર્થી વર્ગની સમક્ષ આવી પોતાના લંચબૉક્સમાં લાવેલી ખાવાની વસ્તુ વિશે કહેશે.

## જોડકણું :




રવિ પછી તો સોમ છે.
ત્રીજો મંગળવાર.
ચોથો બુધ, ગુરુ પાંચમો,
છઠ્ઠો શુક્રવાર.
શનિવાર તે સાતમો
છેલ્લો વાર ગણાય.
આમ એક અઠવાડિયું
સાત વારનું થાય.

- દલપતરામ

બ ડ બ ડ

## ગમ્મત :

શિક્ષકે છોકરાંને ઘાસ ખાતી ગાયનું ચિત્ર દોરવા કહ્યું.
બધાં છોકરાં ચિત્ર દોરવા લાગી પડ્યાં.
ચિન્ટુ કાગળ લઈને ચિત્ર બતાવવા આવ્યો.
શિક્ષક : આ શું દોર્યું?
ચિન્ટુ : ઘાસ ખાતી ગાય.
શિક્ષક : ઘાસ ક્યાં?
ચિન્ટુ : ગાય ખાઈ ગઈ.
શિક્ષક : તો, ગાય ક્યાં છે?
ચિન્ટુ : ગાય તો ઘાસ ખાઈને જતી રહી.

ખ ડ ખ ડ

- આવા અન્ય ટુચકા કહેવા માટે વર્ગખંડમાં આયોજન કરવું.

છ
મ
છ
મ

## અભિનય :






વિવિધ વસ્તુ ખાવાનો અભિનય વિદ્યાર્થી પાસે કરાવવો.

ખ
ડ
ખ
ડ

## સાંભળો :

**નીચેનો ફકરો બે વાર મોટેથી વાંચો :**

પેટુરામને સોમવારે સમોસા,

મંગળવારે મોહનથાળ,

બુધવારે બુંદી, ગુરુવારે ગુલાબજાંબુ,

શુક્રવારે શીરો, શનિવારે શક્કરિયાં

અને

રવિવારે રોટલી આપી.

હવે પેટુરામના પેટમાં જોઈને કહો.

તેણે શું નથી ખાધું?

એ કયા વારે ખાવાનું હતું?



(જરૂર પડે તો આ ફકરો ફરીથી વાંચવો.)

ચર્ચા :

રવિ



સોમ



મંગળ




બુધ



ગુરુ



શુક્ર



શનિ



- દોરડી કોણ કૂદે છે ?
- ફૂલ રેકેટ કોણ રમે છે ?
- પતંગ કોણ ચડાવે છે?
- શનિવાર શું કરે છે?
- ફૂટબોલની રમત કોણ રમે છે ?
- કયા ચિત્રમાં તીર ચલાવાય છે ?
- કયા ચિત્રમાં ક્રિકેટ રમવાની તૈયારી છે ?

- ચિત્રોના આધારે આવા અન્ય પ્રશ્નો પૂછો.